EDII

Gujarat Samachar

January 31, 2017
Page No. 2
On City Plus

## ઈડીઆઈની માઈલસ્ટોન આધારિત ઉદ્યોગસાહસિકતા ઉભી કરવાની શૈક્ષણિક પહેલથી

# ૩૦૦થી વધારે વિદ્યાર્થી સફળ ઉદ્યોગસાહસિક બન્યા



ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટેની રાષ્ટ્રીય સંસાધન સંસ્થા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ)એ તેના ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓને સફળ ઉદ્યોગ સાહસિકો બનાવ્યા છે. વર્ષ ૨૦૦૮-૧૦ની બેચથી અત્યાર સુધી ઈડીઆઈઆઈના પીજીડીએમ-બીઈ પ્રોગ્રામમાં પાસ થયેલા ૪૨૭ વિદ્યાર્થીઓમાંથી આશરે ૩૩૭એ પોતાનું સાહસ શરૂ કર્યું છે કે પછી પોતાની ફેમિલી બિઝનેસમાં જોડાઈ ગયા છે. છેલ્લાં થોડા વર્ષોના બાકીના ૨૦ ટકા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કોર્પોરેટ સેક્ટર કે એકેડેમિક્સમાં સર્વિસ કરિઅર બનાવી છે અને કેટલાંકે વધારે અભ્યાસ કર્યો છે.

આ અંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લા કહે છે કે, ઈડીઆઈઈમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય ત્યારે જ તેમને બિઝનેસ શરૂ કરવા માટે જરૂરી હોય તેવા દરેક બારીક પાસા અંગે સમજ આપવામાં આવે છે. કોઈ વ્યવસાય શરૂ કરવા માટેનો વિચાર કરવાથી લઈને વ્યાવસાયિક યોજના તૈયાર કરવી, નવી કંપની કેવી રીતે રચવી અને કેવી રીતે રજિસ્ટર કરાવવી અને આ ઉદ્યોગ સાહસો કેવી રીતે ચાલુ રાખવા તથા માર્કેટિંગ ફાઈનાન્સ, પ્રોડક્ટ-સર્વિસ, ડેવલપમેન્ટ વગેરે જેવી વિવિધ કામગીરીનું સંચાન જેવી બાબતો પર ઈડીઆઈ તેમના નવા સાહસો સ્થાપિત કરવા સફળ માઈલસ્ટોન બોનસ પોઈન્ટ એચિવર્સને શરૂઆતમાં ભંડોળ પણ પુરૂ પાડે છે.